# Gyan Gatha
## પરમાણ્વીય બંધારણ
## 2

**વિભાગ A**

● નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1.** **હાઇડ્રોજન પરમાણુની ઊર્જા તેની ધરા અવસ્થાએ –13.6 eV છે. તો n = 5 ના સ્તરની ઊર્જા કેટલી હોય ?**
(A) –0.54 eV (B) –5.40 eV (C) –0.85 eV (D) –2.71 eV

**2.** **હાઇડ્રોજન જેવી કઈ જાતિ બોહરની કક્ષા માટે હાઇડ્રોજન પરમાણુ જેટલી ત્રિજ્યા ધરાવે છે ?**
(A) $n = 2$, $Li^{2+}$ (B) $n = 2$, $Be^{3+}$ (C) $n = 2$, $He^{+}$ (D) $n = 3$, $Li^{2+}$

**3.** **જો ઇલેક્ટ્રૉનની ગતિઊર્જા ચાર ગણી વધે તો દ્-બ્રૉગ્લીની તરંગલંબાઈ કેટલી થાય ?**
(A) 4 ગણી (B) 2 ગણી (C) $\frac{1}{2}$ ગણી (D) $\frac{1}{4}$ ગણી

**4.** **બોહરના નિયમ અનુસાર પાંચમી કક્ષાના ઇલેક્ટ્રૉનનું કોણીય વેગમાન કેટલું હોય છે ?**
(A) $\frac{5h}{\pi}$ (B) $\frac{2.5h}{\pi}$ (C) $\frac{5\pi}{h}$ (D) $\frac{25h}{\pi}$

**5.** **નીચે આપેલ પૈકી કયો આયન અયુગ્મિત ઇલેક્ટ્રૉન સૌથી ઓછા ધરાવે છે ?**
(A) $Zn^{2+}$ (B) $Fe^{2+}$ (C) $Ni^{2+}$ (D) $Cu^{2+}$

**6.** **ધરા અવસ્થામાંથી હાઇડ્રોજન પરમાણુનો દ્વિતીય ઉત્તેજિત અવસ્થા પ્રાપ્ત કરવા માટે કેટલી ઊર્જા જરૂરી છે ?**
(A) 12.1eV (B) 10.2 eV (C) 13.6 eV (D) 34 eV

**7.** **કોઈપણ p-કક્ષક કેટલા સુધી ઇલેક્ટ્રૉન સમાવી શકે ?**
(A) 4-ઇલેક્ટ્રૉન (B) સમાંતર સ્પિન સાથે બે ઇલેક્ટ્રૉન
(C) 6-ઇલેક્ટ્રૉન (D) વિરુદ્ધ સ્પિન સાથેના બે ઇલેક્ટ્રૉન

**8.** **એક પરમાણુમાં બે ઇલેક્ટ્રૉન અનુક્રમે $r$ અને $9r$ ત્રિજ્યા ધરાવતી કક્ષામાં પરિભ્રમણ કરે છે, તો તેને એક પરિભ્રમણ પૂર્ણ કરવા માટે લાગતા સમયનો ગુણોત્તર કેટલો થાય ?**
(A) 1 : 9 (B) 1 : 3 (C) 1 : 27 (D) 1 : 6

**9.** **પરમાણ્વીયક્રમાંક 26 ધરાવતા તત્ત્વની 3d-કક્ષકમાં ઇલેક્ટ્રૉનની સંખ્યા કેટલી હોય છે ?**
(A) 4 (B) 6 (C) 8 (D) 10

**10.** **મુખ્ય ક્વૉન્ટમઆંક, એઝિમ્યુથલ અને ચુંબકીય ક્વૉન્ટમક્રમાંક અનુક્રમે કોની સાથે સંબંધિત છે ?**
(A) કદ, આકાર અને ઓરીએન્ટેશન (B) આકાર, કદ અને ઓરીએન્ટેશન
(C) કદ, ઓરીએન્ટેશન, આકાર (D) એકપણ નહીં

**11.** **જ્યારે હાઇડ્રોજન પરમાણુનો ઇલેક્ટ્રૉન કૂદકો મારીને $n = 4$ માંથી $n = 1$ સ્થિતિમાં જાય ત્યારે વર્ણપટમાં મળતી રેખાની સંખ્યા કેટલી હોય છે ?**
(A) 15 (B) 6 (C) 3 (D) 4

**12.** **જો પ્રથમ કક્ષાની ત્રિજ્યા $r$ હોય તો હાઇડ્રોજન પરમાણુની $n$ કક્ષાની ત્રિજ્યા કેટલી હશે ?**
(A) $r n^2$ (B) $r n$ (C) $\frac{r}{n}$ (D) $r^2n^2$

**13.** **હાઇડ્રોજન વર્ણપટની લાઇમન શ્રેણીમાં કયા વિસ્તારમાં રેખાઓ મળે છે ?**
(A) અલ્ટ્રાવાયોલેટ (B) દશ્ય (C) ઇન્ફ્રારેડ (D) અતિપારરક્ત

**14.** **2$s$-કક્ષકમાં રહેલા ઇલેક્ટ્રૉનની કક્ષાની કોણીય ચાકમાત્રા કેટલી હોય ?**

(A) $\frac{h}{4\pi}$ (B) શૂન્ય (C) $\frac{h}{2\pi}$ (D) $\frac{h}{\sqrt{2\pi}}$

**15. નીચે આપેલ પૈકી કયું સમીકરણ ન્યુટ્રોનના સંશોધન માટે ઉપયોગી બન્યું હતું ?**

(A) ${}^{14}_{6}C + {}^{1}_{1}P \rightarrow {}^{14}_{7}N + {}^{1}_{0}n$ (B) ${}^{11}_{5}B + {}^{2}_{1}D \rightarrow {}^{12}_{6}C + {}^{1}_{0}n$

(C) ${}^{9}_{4}Be + {}^{4}_{2}Be \rightarrow {}^{12}_{6}C + {}^{1}_{0}n$ (D) $8Be + {}^{4}_{2}Be \rightarrow {}^{11}_{6}C + {}^{1}_{0}n$

**16. સંક્રાંતિ પામતી ધાતુના કેટાયન $M^{3+}$ ચુંબકીય ચાકમાત્રા $\sqrt{35}$ ધરાવે છે. ધાતુનો પરમાણ્વિયક્રમાંક કેટલો હશે ?**

(A) 24 (B) 25 (C) 26 (D) 27

**17. $Cu^{2+}$ માં અયુગ્મિત ઇલેક્ટ્રૉનની સંખ્યા કેટલી હોય છે ?**

(A) 0 (B) 9 (C) 3 (D) 1

**18. બે ભિન્ન તત્ત્વોના રેખીય વર્ણપટ સમાન હોતા નથી કારણકે...**

(A) તત્ત્વો ન્યુટ્રોનની સંખ્યા સમાન ધરાવતાં નથી.

(B) તેઓ ભિન્ન દળક્રમાંક ધરાવે છે.

(C) તેમની બાહ્યત્તમ કક્ષામાં ઇલેક્ટ્રૉન્સ ભિન્ન ઊર્જાસ્તરોમાં હોય છે.

(D) તેઓ ભિન્ન સંયોજકતા ધરાવે છે.

**19. જો સ્પીન ક્વૉન્ટમઆંકના બેને બદલે ત્રણ મૂલ્યો લેવામાં આવે તો કોબાલ્ટની ધરા અવસ્થામાં છેલ્લો ઇલેક્ટ્રૉન કઈ કક્ષકમાં દાખલ થશે ?**

(A) 3d (B) 3p (C) 4p (D) 4s

**20. નીચેના સમાન વેગ ધરાવતા કણ પૈકી કોની દ્-બ્રોગલી તરંગલંબાઈનો સૌથી નાની હોય છે ?**

(A) પોઝિટ્રૉન (B) ફોટોન (C) $\alpha$-કણ (D) ન્યૂટ્રોન

**21. હાઇડ્રોજન પરમાણુના બામરશ્રેણીની એવી રેખાની તરંગલબાઇ ગણો જે સૌથી વધુ હોય ?**

(A) 1526 nm (B) 124 nm (C) 956 nm (D) 656 nm

**22. બોહ્ર મેગ્નેટોનની ચુંબકીય ચાકમાત્રા ચોક્કસ આયનની 2.83 હોય તો કયો આયન હોય ?**

(A) $Fe^{2+}$ (B) $Ni^{2+}$ (C) $Mn^{2+}$ (D) $CO^{3+}$

**23. $l$ = 2 સાથે ઉપકોશને શું કહે છે ?**

(A) $s$ (B) $p$ (C) $d$ (D) $f$

**24. હાઇડ્રોજન પરમાણુની બીજી, ચોથી અને છઠ્ઠી કક્ષાની ત્રિજ્યાનો ગુણોત્તર કેટલો હોય છે ?**

(A) 2 : 4 : 6 (B) 1 : 4 : 9 (C) 1 : 4 : 6 (D) 1 : 2 : 3

**25. સંબંધિત રૂબિડીયમ પરમાણુના બે સમઘટકોનું પરમાણ્વિયદળ અનુક્રમે 85, 87 અને 75% અને પ્રમાણ 25% છે તેમનું સરેરાશ પરમાણ્વીયદળ કેટલું ?**

(A) 75.5 (B) 85.5 (C) 86.5 (D) 87.5

**26. બોહ્રની કક્ષાની ઊર્જા બાબતે શું સાચું છે ?**

(A) કેન્દ્રની દૂર જતા વધે છે. (B) કેન્દ્રથી દૂર જતા ઘટે છે.

(C) કેન્દ્રથી દૂર જતા તેટલી ને તેટલી જ રહે છે. (D) એકપણ નહીં

**27. બૉગ્લીની તરંગલંબાઈએ ઇલેક્ટ્રૉન માટે શરૂઆતની ઊર્જા સમાન હોય અને 50V અને 200V દ્વારા તેઓનું શક્ય પ્રમાણ કેટલું હોય ?**

(A) 3 : 10 (B) 10 : 3 (C) 1 : 2 (D) 2 : 1

**28. શ્રોડિન્જર તરંગ સમીકરણમાંથી કયો ક્વૉન્ટમ આંક મળતો નથી ?**

(A) n (B) 1 (C) m (D) s

**29. જો H પરમાણુ $r$ પ્રથમ બોહ્ર કક્ષાની ત્રિજ્યા હોય તો $Li^{2+}$ આયન માટે ત્રિજ્યા શું થશે ?**

(A) $3r$ (B) $9r$ (C) $\frac{r}{3}$ (D) $\frac{r}{9}$

**30.** **$Mn^{4+}$ (Z = 25) માં અયુગ્મિત ઈલેક્ટ્રૉનની સંખ્યા કેટલી હોય ?**

(A) ચાર (B) બે (C) પાંચ (D) ત્રણ